શહેર વસાહત મહામંડળ દ્વારા

બુધવારે 'આપણા ઉમેદવારને ઓળખીએ-મળીએ' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા આગામી બુધવારે 'આપણા ઉમેદવારને ઓળખીએ-મળીએ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું છે કે ગુજરાત રાજ્યની ૧૩મી વિધાનસભા ચૂંટણી નજીકમાં છે ત્યારે મહામંડળ પ્રત્યેક ચૂંટણીની માફક આ વખતે પણ 'આપણા ઉમેદવારને ઓળખીએ-મળીએ' કાર્યક્રમ યોજી રહ્યું છે.

લોકશાહીને વધુ મજબૂત અને પારદર્શક રીતે નિહાળવાના શુભ આશયથી સઘળા ઉમેદવાર એક મંચ પર ભેગા થાય અને પોતપોતાના વિચારો તથા કાર્યક્રમો માત્ર મતદારોસ સમક્ષ રજૂ કરે તે આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૨ ડિસેમ્બર ને બુધવારના રોજ સાંજે ૪-૩૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, સેક્ટર-૧૭ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં તમામ મતદારો તથા ઉમેદવારોને ઉપસ્થિત રહેવા મહામંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ દિનની ઉજવણી કરાઈ

(તુષાર દવે દ્વારા)

ગાંધીનગર, તા. ૯

શહેરમાં કાર્યરત હોમગાર્ડ્સ કચેરી ખાતે તાજેતરમાં હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત સિનીયર સ્ટાફ ઓફિસર આર બી પટેલ તથા જિલ્લા કમાન્ડન્ટ દિલીપસિંહ પરમારે હોમગાર્ડ્સના જવાનો તથા નારી સંરક્ષક સભ્યોને તેમની કામગીરી બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

આર બી પટેલે હોમગાર્ડ્સને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સુંદર કામગીરી બજાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે પણ હોમગાર્ડ્સની અસરકારક કામગીરીને બિરદાવી હતી.

જવાનોને બિરદાવવા માટે શહેર સિવિલ ડિફેન્સના પીઆઈ આર એન નાયી, ગાંધીનગરના સિનીયર પ્લાટૂન કમાન્ડન્ટ ખેંગારભાઈ બારોટ, પ્લાટૂન કમાન્ડન્ટ મણીભાઈ એસ પરમાર, સેક્શન લીડર અંબાલાલ ઠાકોર તથા આસી. સેક્શન લીડર મહેન્દ્રભાઈ કે પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્તરે ચંદ્રકો અને સન્માન પ્રાપ્ત જવાનોનું સન્માન સિનીયર સ્ટાફ ઓફિસરના હસ્તે કરવામાં આવ્યું હતું તથા હોમગાર્ડ્સ જવાનો અને નાગરિક સંરક્ષક અધિકારીઓ દ્વારા પરેડ યોજવામાં આવી હતી, જેનું સંચાલન સબ ઈન્સપેક્ટર બી એલ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વિશિષ્ટ દિવસની ઉજવણી રૂપે જૂના સચિવાલય સંકુલ અને મીના બજારમાં સફાઈ કામગીરીનું આયોજન કમાન્ડીંગ ઓફિસર આર એમ સોલંકીના વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું.

ઉજવણીના સમગ્ર કાર્યક્રમનું સંચાલન હોમગાર્ડ્સના સ્ટાફ ઓફિસર (વહીવટ) નગુસિંહ ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું.

દશેલા ગામની પરિણીતા ૯ દિવસથી લાપતા

ગાંધીનગર નજીકના દશેલા ગામમાં રહેતી ૩૧ વર્ષીય પરિણીતા ગીતાબેન સુરેશભાઈ ઠાકોર ૧લી ડિસેમ્બરના રોજ સવારના સુમારે પોતાના ઘરેથી કોઈને કંઈ કહ્યા વિના ચાલ્યા ગયા હતા. પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ હજુ સુધી તેણીનો કંઈ પત્તો નથી. આજ દિન સુધી પરિણીતા પરત પણ ફરી નથી કે અન્ય કોઈ જગ્યાએથી તેણીના સગડ પણ મળ્યા નથી. ગુજરાતી અને અંગ્રેજી ભાષા જાણતી પરિણીતા શરીરે પાતળા બાંધાની છે અને શરીરે સાડી ઉપર સ્વેટર પહેરેલ છે. ચિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.આર. પટેલે શોધખોળ આરંભી છે.

જમવા બાબતે માથાકુટ થતા ત્રણ શખ્સોએ હોટલમાં ધમાલ મચાવી

હોટલ માલિકને તમાચા ઝીંકી દીધા ત્રણેય આરોપીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ખાતે સ્થિત પુરોહીત હોટલમાં ગઈ કાલે બપોરના સુમારે જમવા બાબતે ત્રણ શખ્સોએ હોટલ માલિક સાથે માથાકુટ કરીને એક પછી એક ચાર લાફા ઝીંકી દઈ સભ્યતાની હદ વટાવી દીધી હતી. આ સંદર્ભે હોટલ માલિકે પોલીસને જાણ કરી ફરિયાદ આપતા ચિલોડા પોલીસે ત્રણેય શખ્સો વિરુધ્ધ ગુનો દાખલ કરી ત્રણેયની ધરપકડ કરી સળિયા પાછળ ધકેલી લીધા હતાં.

મળતી માહિતી મુજબ ચિલોડા ખાતે આવેલી પુરોહીત હોટલમાં ગત બપોરે ત્રણ યુવાન મિત્રો જમવા આવ્યા હતા. પેથાપુર ગામનો કાળુ રણજીતસિંહ વાઘેલા, પાલજ ગામના સંજય બળદેવસિંહ બિહોલા અને મનોજ ઉર્ફે મનુજી ચંદુજી બિહોલા ત્રણેય મિત્રોએ જમતી વખતે હોટલમાં માલિક સાથે ધમાલ મચાવી મુકી હતી. જમવા બાબતે રકઝક બાદ થયેલી બોલાચાલીને અંતે ત્રણેય શખ્સોએ હોટલ માલિક અર્જુનભાઈ લચ્છીરામ પુરોહીતને તમાચા મારી દીધા હતાં. આ સંદર્ભે હોટલ માલિકની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ત્રણેય વિરુધ્ધ ગુનો નોંધી ધરપકડ કરીને જેલના સળિયા ગણતા કરી દીધા છે. આ સંબંધે જમાદાર કાંતિલાલે તપાસ આરંભી છે.

વલાદ પાસે લકઝરી-ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત : ૧૮ ઘાયલ

બંને ભારે વાહનોની કેબીનના ફુરચા ઉડી ગયા : ટ્રકની ઓવરટેક કરવા ગયેલા લકઝરી ચાલકે સામેથી આવતા ડમ્પરને ટકરાવી દીધી

ગાંધીનગર, તા.૯

નેશનલ હાઈવે નં. ૮ના ચિલોડા-નરોડા માર્ગ પર વલાદ ગામની સીમ પાસે આજે સવારના સુમારે મુસાફરો ભરેલી લકઝરી બસ અને ડમ્પર ધડાકાભેર સામસામે અથડાતા ગમ્ખવાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં લકઝરી અને ડમ્પરના કેબીનના ભાગનાં ફુરચે ફુરચા ઉડી ગયા હતાં. જયારે લકઝરીમાં સવાર મુસાફરની ચિચિયારીઓથી વહેલી સવારે માર્ગ ગુંજી ઉઠયો હતો. આ અકસ્માતમાં ૧૮ મુસાફરો ઘાયલ થતા સારવાર અર્થે ગાંધીનગર અને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડભોડા પોલીસે લકઝરી બસના ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

ચિલોડા-નરોડા હાઈવે પર આવેલા ફિરોજપુર ગામથી વલાદ ગામ વચ્ચે વહેલી સવારે લકઝરી બસ અને

ડમ્પર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. હિંમતનગરથી અમદાવાદ તરફ જઈ રહેલી લકઝરી બસ નં. આર.જે. ૧૪પી.બી. ૧૭૮૬નો ચાલક હાઈવે પર આગળ જઈ રહેલી ટ્રકને ઓવરટેક કરવા ગયો તે દરમિયાન સામેથી આવી રહેલ ડમ્પર નં. જીજે ૧૮ એ.યુ. ૭૩૨૩ સાથે સામ સામે ધડાકા સાથે ટકરાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં લકઝરીમાં સવાર ૧૮ મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો ઘટના સ્થળે તાબડતોબ પહોંચી ગઈ હતી અને એક પછી એક તમામ ઈજાગ્રસ્તોને સમયસર સારવાર મળી રહે તે માટે હોસ્પિટલ પહોંચતા કરવાની જવાબદારી નિભાવી હતી. આ અકસ્માતમાં ૨૫ વર્ષીય દિપકભાઈ ખત્રી, ૩૮ વર્ષીય કેશવલાલ થાપા, ૩૫ વર્ષીય ચામુજી રાજપુત, ૪૦ વર્ષીય સુષિલાબેન દાયાગ, ૨૮ વર્ષિય ભીમરાજ રાવ, ૩૧ વર્ષિય રાકેશ, ગણપતભાઈ ચૌહાણ, પુષ્પસિંહ રાજપુત તથા ભૈરવસિંહ રાજપુત સહિત ૧૮ મુસાફરો ઈજાગ્રસ્ત થતા અમદાવાદ અને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. લકઝરી ચાલકની ભુલને પગલે ડભોડા પોલીસે તેના વિરુધ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

અનેરી એજ્યુકેશન ગાઈડલાઈન્સ દ્વારા ટેલેન્ટહન્ટ-૨૦૧૨-૧૩ સામાન્ય જ્ઞાન પ્રતિયોગિતા યોજાશે

જિલ્લાની શાળાઓને જોડાવા અનુરોધ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં તજજ્ઞ અધ્યાપકો દ્વારા અનેરી એજ્યુકેશન ગાઈડલાઈન્સ છેલ્લા ઘણા સમયથી ચાલે છે. જેના દ્વારા આગામી ૧૨મી ફેબ્રુઆરીએ ટેલેન્ટ હન્ટસ-૨૦૧૨-૧૩ સામાન્ય જ્ઞાન પ્રતિયોગીતા યોજાશે. જેના ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૭મી જાન્યુઆરી-૨૦૧૩ રાખવામાં આવી છે.

અનેરી એજ્યુકેશન ગાઈડ લાઈન્સ ગાંધીનગર દ્વારા સંચાલિત અને તજજ્ઞો દ્વારા તૈયાર થયેલ ટેલેન્ટ હન્ટસ-૨૦૧૨-૧૩ સામાન્ય જ્ઞાન (જી.કે.) પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓની વય કક્ષા અને બુદ્ધિકક્ષાને અનુરૂપ સામાન્ય જ્ઞાનના ૩૦ પ્રશ્નો પૂછવામાં આવશે. પરીક્ષામાં સફળ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પ્રથમ આવનારને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવશે.

સમગ્ર ગુજરાતમાં યોજાનારી આ પરીક્ષામાં ધોરણદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર તેજસ્વી બાળકોને શિષ્યવૃત્તિ પણ એનાયત કરવામાં આવશે. શાળાના વિદ્યાર્થીઓમાં રહેલી સુશુપ્ત શક્તિઓ જાગૃત થાય અને બાહ્યજ્ઞાનની ચકાસણી સાથે જ્ઞાનના ભંડારમાં વધારો થઈ શકે અને ક્રિયાશીલ બનીને ભિવષ્યની હરિફાઈના યુગમાં ટકવાની શક્તિ વધે તથા તેનામાં રહેલી અભિરૂચિમાં વધારો થાય તે માટે અનેરી એજ્યુકેશન ગાઈડલાઈન્સે સમગ્ર સ્પર્ધાનું આયોજન કર્યું છે. દરેક શાળામાંથી ધોરણ-૩ થી ૯ સુધીના બાળકોએ ટેલેન્ટ હન્ટ ૨૦૧૨-૧૩ સામાન્યજ્ઞાન પ્રતિયોગિતામાં ભાગ લઈ શકશે. આ અંગેની વધુ વિગતો અનેરી એજ્યુકેશન ગાઈડલાઈન્સના પ્રો. રાજને મો. નં. ૮૭૩૫૦૬૮૧૨૩ અથવા મો. નં. ૯૦૩૩૫૩૩૪૪૦ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.

શિવયોગ સેન્ટર દ્વારા સપ્તશક્તિ મહાશિબિર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ખાતે ૧૮ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન શ્રી દુર્ગા સપ્તશતી મહાશિબિરનું આયોજન થઈ રહ્યું છે. શ્રી દુર્ગા સપ્તશતીના શ્લોકોમાં છુપાયેલા છે અત્યંત શક્તિશાળી બીજ મંત્રો જેને કીલિત મંત્રોમાં છુપાવવામાં આવેલ છે. પ.પૂ. બાબાજી વર્ષોની સાધના બાદ આ બીજ મંત્રો એમની દિવ્યવાણી દ્વારા દિક્ષા આપી, સૌ સામાન્ય જનને સહજતાથી દુર્લભ સાધના પ્રદાન કરશે. પ.પૂ. બાબાજીના આર્શીવાદથી મહાશિબિરનું આયોજન ગાંધીનગર તેમજ દરેક શહેરમાં થઈ રહ્યું છે. તો પ્રત્યેક વ્યક્તિને આ બીજમંત્રાત્મક મહાયજ્ઞમાં પધારવા શિવયોગ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે. શિબિરમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાની ઈચ્છુક વ્યક્તિઓએ રવિ એન્ટરપ્રાઈઝની પાછળ, હોટલ પૂર્ણિમા પાસે, પહેલો માળ, સેકટર-૧૬ ખાતે નામ નોંધાવવાનું રહેશે.

લીંબડીયાનો માથાભારે શખ્સ પાંચ જિલ્લામાંથી તડીપાર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા લીંબડીયા ગામમાં રહેતો અને સરકારી કામકાજમાં અવારનવાર અચડણો ઉભી કરતા માથાભારે શખ્સને પાંચ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો. તડીપારની મંજુરી મળતા ડભોડા પોલીસ લીંબડીયા ગામના શખ્સને ખેડા જિલ્લામાં મુકી આવી છે.

લીંબડીયા ગામમાં રહેતો બિપીન ઉર્ફે સચીન મોહનભાઈ સોલંકી સરકારી કામોમાં દખલગીરી કરી અડચણો ઉભી કરવાની આદત ધરાવતો માથાભારે શખ્સ હોવાથી ડભોડા પોલીસે આ શખ્સને તડીપાર કરવા પ્રપોઝલ કરી હતી. આજે તડીપાર અંગેની પ્રપોઝલને મંજુરી મળી જવા પામી છે અને સરકારી કામોમાં અડચણ ઉભી કરનાર માથાભારે શખ્સ બિપીન ઉર્ફે સચીનને પાંચ જિલ્લામાંથી તડીપાર કરવા આદેશ જારી કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લા ઉપરાંત, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, સાબરકાંઠા અને મહેસાણા મળીને પાંચ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવેલા શખ્સને ડભોડા પોલીસે ખેડા જિલ્લાની હદમાં મોકલી આપ્યો છે.

રંગો સાથે કામ કરતા સાધનાબેન જોષીને અભિનંદન પાઠવતો શાળા પરિવાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરની કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં છેલ્લા ૧૨ વર્ષથી રંગો સાતે કામ કરતા સાધનાબેન પી. જોષી મૂળ ચિત્ર શિક્ષિકા છે અને તેમણે રંગોની સાથે બાળકોને એકરપ કરી મનની એકાગ્રતા, ગુસ્સા પર કાબુ અને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડતા કરવાની સુંદર કામગીરી કરી છે જેને શાળા પરિવારે અભિનંદન આપી આવકારી છે.

નાના-નાના ભૂલકાઓથી માંડીને યુવાનોને ચિત્રમય બનાવનાર સાધનાબેન જોષી સી.એન. વિદ્યાલયમાંથી ફાઈન આર્ટસની ડીગ્રી મેળવી ગાંધીનગરની જાણીતી સંસ્થામાં સ્થાઈ થઈ બાળકોને ચિત્રમાં રસ લેતા કર્યા છે. દુજા જુદા રચનાત્મક ચિત્રો તૈયાર કરી કલરોની અલગ અલગ ભાત ઉપજાવવામાં તેમની અલગ ખૂબી છે.

ત્વરિત ચિત્ર સ્પર્ધામાં તેમણે પ્રથમ નંબર મેળવી કારગીલ એવોર્ડ હાંસલ કર્યો છે. લાયન્સ ક્લબ, એલ.આઈ.સી.માં તેમણે જજ તરીકે અનેકવાર સેવાઓ આપી છે. જુદા જુદા એક્ઝીબિસનમાં જોડાયા છે. અંગ્રેજી માધ્યમની ધોરણ-૬ની અંગ્રેજી ટેક્ષબુકમાં પ્રથમ પેઈજ ઉપર તેમનું ચિત્ર છે. શ્રાવણ માસમાં વૈજનાથ મંદિર ચ-૬ માં છેલ્લા પાંચ વર્ષથી તેઓ શંકર ભગવાનની રંગોળી પૂરે છે. શાળાની દિવાલો પર બાળકોને માર્ગદર્શન બની સુંદર પેઈન્ટીંગ તૈયાર કર્યા છે. તેઓ સાધના આર્ટ ક્લાસીસ છેલ્લા ૧૦ વર્ષથી ચલાવે છે. તેમના હાથ નીચે ચાર હજાર જેટલા વિદ્યાર્થીઓ તૈયાર થયા છે.

ખાસ નોંધનીય બાબત એ રહી છે કે તેઓ કલર સ્કીમ ડ્રોઈંગમાં માસ્ટરી ધરાવે છે. ગુસ્સો માણસને આવતા હોય તો ચિત્ર દ્વારા કેવી રીતે શાંત કરી શકાય તે તેમની ખુબી રહી છે. કે.જી. થી માંડીને કોલેજ સુધીના વિદ્યાર્થીઓને તેઓએ ચિત્ર દ્વારા શાંત બનાવ્યાના અનેક ઉદાહરણો છે.

સુપરવાઈઝરની હત્યા કેસમાં પોલીસને હજુ કડી મળતી નથી

ઝીણવટભરી તપાસ બાદ પણ કોઈ કડી ન મળતા મર્ડર અને ફેટલ એકસીડન્ટ બંને થીયરી પર તપાસ ચાલુ

ગાંધીનગર, તા.૯

ખોરજ કન્ટેનર ડેપોમાં સુપરવાઈઝરની ગુપ્તાંગ પર તિક્ષણ હથિયાર ઝીંકીને હત્યા કરાઈ હોવાની શંકાના આધારે પોલીસે ખોરજ-ખોડીયાર ખાતે આવેલા કન્ટેનર ડેપોના દરેક કર્મચારીની પૂછપરછ કરતાં હત્યાની કોઈ ચોકકસ કડી ન મળતાં પોલીસે 'ફેટલ એકસીડન્ટ' થયેલ છે કે 'મર્ડર' તે અંગે વધુ તજવીજ હાથ ધરી છે.

ભારતીય કન્ટેનર નિગમ લિમિટેડની કોનકોર કંપનીના કસ્ટમ બોન્ડેડ એરીયામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ૩૦ વર્ષીય કિરણકુમાર નરોત્તમભાઈ ચૌહાણનાં ગુપ્તાંગ પર તિક્ષણ હથિયારના ત્રણ ઘા ઝીંકીને મર્ડરને ફેટલ એકસીડન્ટમાં ફેરવી દેવા તેના પેટના ભાગેથી કન્ટેનર જેવું કોઈ મોટું વાહન ફેરવી દઈ મર્ડર કર્યાની ચર્ચાએ આસપાસના વિસ્તારમાં અરેરાટી ફેલાવી છે. પોલીસને થયેલી જાણના અનુસંધાને સ્થાનિક તપાસ શરુ કરતાં કિરણકુમાર ચૌહાણનું મર્ડર થયું છે કે એકસીડન્ટ તે અંગે હજુ સુધી કોઈ ચોકકસ કડી પ્રાપ્ત થઈ નથી. પી.એમ. માટે મોકલવામાં આવેલા મૃતદેહની ચકાસણી કરતાં ગુપ્તાંગ પર તિક્ષણ હથિયાર વડે બે નાના-નાના અને એક મોટો ઘા ઝીંકાયો હોવાનું નિશાન ધ્યાને આવ્યું હતું. આ બાબતે પોલીસે વધુ તપાસ માટે કંપનીમાં ફરજ પર હાજર રહેલા કર્મચારીઓની પૂછતાછ શરુ કરી હતી. પરંતુ પૂછપરછ દરમિયાન કોઈ ચોકકસ કડી હાથ ન મળતાં પોલીસે સઘન તપાસ ચાલુ રાખી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૧.૧૫
ખેલાડી ૭૮૬ : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ખેલાડી : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦
તલાશ : ૧૨.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૨.૩૦, ૯.૩૦
તલાશ : ૪.૦૦, ૬.૪૫

: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
જબ તક હૈ જાન : ૬.૧૫
ખેલાડી : ૯.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૯.૦૦, ૧૦.૧૫
તલાશ : ૧૧.૪૫, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૪૫
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૦, ૩.૨૦, ૬.૦૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૦.૦૦
તલાશ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૨૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
તલાશ : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
તલાશ : ૧૦.૩૦, ૧.૧૫, ૧૦.૧૫
સન ઑફ સરદાર : ૪.૧૫, ૭.૧૫

સિરાગ, કલોલ
ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

● અનુ.જાતિ મોરચાના ઉપક્રમે ગાંધીનગરમાં વસતા અનુસૂચિત જાતિના તમામ લોકોનું સ્નેહ મિલન સંમેલન સાંજે ૬.૦૦ કલાકે.

આપની આજ

મેષ : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : કાર્યમાં મુશ્કેલી આવી શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છે. સામાજિક પ્રતિષ્ઠામાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

મિથુન : મિત્રો અને સ્વજનો સાથે ભેટ થશે. યાત્રાથી લાભ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. વ્યવસાયિક યાત્રા લાભ પ્રદ રહેશે.

કર્ક : જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. અત્યંત ઉપલબ્ધિ કારક સમય છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

સિંહ : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. રાજકીયક્ષેત્રમાં માન-સન્માનમાં વૃદ્ધિ થશે.

કન્યા : વિશેષ યાત્રાઓ બાદ લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓછે.

તુલા : આર્થિક કાર્યો અંગે સામાન્ય હેરાનગતિ થઈ શકે છે. પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની રહેશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યથી વ્યાપાર-વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

ધન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે.

મકર : રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિ થઈ શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની સંભાવના છે. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

કુંભ : રોજગાર સંબંધઈ કાર્યોમાં લાભ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : માનસિક સંયમનું પાલન કરવું. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. આર્થિક વિવાદોમાં વિશેષ કાર્ય થશે.

ચિરવિદાય

● સ્વ. કાન્તિલાલ કેશવલાલ પટેલ (ઉ.વ. ૯૫) બ્લોક નં. ૧૮૭/૧, જ-ટાઈપ સેકટર-૭, ગાંધીનગર.